| PUBLICATION NAME : | Nirmal Gujarat |
| --- | --- |
| EDITION : | Ahmedabad |
| DATE : | 30/04/2023 |
| PAGE : | 3 |

# ઈડીઆઈઆઈ ખાતે સસ્ટેનેબિલિટી હેકાથોન ચેલેન્જ-ગ્રાન્ડ ફિનાલેમાં ભારતભરના ૩૧ ઈન્સ્ટિટ્યૂટ્સના વિદ્યાર્થીઓએ ૧૭૦ આઈડિયાઝ રજૂ કર્યા





ગાંધીનગર, - અમદાવાદમાં આંત્રપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટચૂટ ઓફ ઈન્ડિયા (ઈડીઆઈઆઈ) કેમ્પસ ખાતે શુક્રવારે બે દિવસીય સસ્ટેનેબિલિટી હેકાથોન ચેલેન્જ – ગ્રાન્ડ ફિનાલેનો પ્રારંભ થયો હતો. સમગ્ર ભારતના લગભગ ૩૫૦ વિદ્યાર્થીઓ આ ઈવેન્ટમાં ભાગ લઈ રહ્યા છે. દેશભરના ૩૧ ઈન્સ્ટિટચૂટ્સના વિદ્યાર્થીઓએ ૧૭૦ આઈડિયાઝ રજૂ કર્યા છે. ટકાઉ વિકાસ લક્ષ્યાંકોનું જતન કરવા તથા વિદ્યાર્થીઓમાં ઉદ્યોગસાહસિકતાના જુસ્સાને પ્રોત્સાહન આપવા માટે આ હેકાથોનનું આયોજન થયું હતું જેથી દેશની ઉદ્યોગસાહસિકતાની ઈકોસિસ્ટમને પ્રોત્સાહન આપી શકાય. ઈડીઆઈઆઈએ વિદ્યાર્થીઓને ટકાઉ વિકાસ લક્ષ્યાંકો (SDGs) પર ધ્યાન કેન્દ્રિત કરવા માટે સંવેદનશીલ બનાવવાના ઉદ્દેશ્ય સાથે ફેબ્રુઆરી ૨૦૨૩માં આ રાષ્ટ્રીય સ્તરની હેકાથોન શરૂ કરી હતી. આ હેકાથોનના બેનર હેઠળ પ્રાદેશિક ભાગીદારો અને સંસ્થાઓ સાથે દેશભરમાં બૂટ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું.

૭૫-દિવસીય મેગા નેશનલ લેવલ હેકાથોન બૂટ કેમ્પમાં સમગ્ર ભારતમાં ૨૦ સ્થળોએથી ૩૧ સંસ્થાઓના ૪૦,૦૦૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. ૧૫,૦૦૦ વિચારો પર ચર્ચા કરવામાં કરવામાં આવી હતી, જેમાંથી ૧૭૦ વિચારોને ઈડીઆઈઆઈ કેમ્પસમાં આ બે-દિવસીય ગ્રાન્ડ ફિનાલે ઈવેન્ટમાં પ્રસ્તુતિ માટે શોર્ટલિસ્ટ કરવામાં આવ્યા છે.

૭૫ દિવસમાં બૂટ કેમ્પે વિદ્યાર્થીઓને સમાજ, ઉદ્યોગ, ઉદ્યોગ ક્ષેત્રો અને સરકારી કર્મચારીઓને નડતી વાસ્તવિક જીવનની સમસ્યાઓના ઉકેલ શોધવા માટેનું પ્લેટફોર્મ પૂરું પાડ્યું હતું. આનાથી વિદ્યાર્થીઓ અને સંસ્થાઓને આત્મનિર્ભર ભારત અને સ્ટાર્ટઅપ ઈન્ડિયા જેવી પહેલને પડકારો હાથ ધરીને અને તકોને બિઝનેસ એન્ટરપ્રાઈઝમાં રૂપાંતરિત કરવા માટે વિશ્વસનીય તકો મળી.